# સ્થાનિક સ્વરાજ વિશે ગાંધીજીનો ખ્યાલ




પગરવ
★ પ્રશસ્ત પંડયા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોના ફોર્મ ભરાઈ ચૂક્યા છે અને જોર શોરથી તેનો પ્રચાર થઈ રહ્યો છે. ગુજરાતની ત્રણ મુખ્ય પક્ષો - ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી- જે તે સ્તરે પોતાનું શાસન લાવવા માટે જોર લગાવી રહી છે. સ્થાનિક સ્વરાજ એટલે શું? તે અંગે ગાંધીજીએ વિસ્તારથી પોતાના વિચારોને કલમબદ્ધ કર્યા છે અને તે વિચારોને અનુલક્ષીને આપણું સ્થાનિક સ્વરાજનું માળખું નિર્માણ પામ્યું છે. ગાંધીજી સ્વરાજનો અર્થ કરે છે તેમાં અનેક બાબતો સમાવિષ્ટ થઈ જાય છે. તેમના પુસ્તક 'મારું સ્વપ્નનું ભારત'માં 'સ્વરાજનો અર્થ' નામના પ્રકરણમાં તેમના શબ્દો આ પ્રકારે છે. 'આપણા સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી. તેમ જ તે ભણેલાનો કે ધનિકનો ઈજારો નહીં હોય. સ્વરાજ બધાને માટે હશે.' મૂળે તો સ્થાનિક સ્વરાજ એ સત્તાનું વિકેન્દ્રીકરણ છે. ગ્રામ્ય, તાલુકા કે જિલ્લા પંચાયતોમાં સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિ કારભાર સંભાળે છે. વિકેન્દ્રિત આ વ્યવસ્થામાં ગાંધીજીનો ખ્યાલમાં કેન્દ્રમાં દરિદ્રનારાયણ છે. તેમના લખાણમાં તેઓ જણાવે છે કે, 'મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબનું સ્વરાજ છે. રાજા અને ધનિક વર્ગ જીવનની જે જરૂરિયાતોનો ઉપયોગ કરે છે તે તમને પણ સુલભ હોવી જોઈએ. પણ એનો અર્થ એવો નથી કે તેઓની માફક તમારે પણ મહેલો હોવા જોઈએ. સુખને માટે તેની જરૂર નથી. તમે કે હું એમાં ભૂલા પડીએ. પણ તમને ધનિક ભોગવતો હોય એવી જીવનની બધી સામાન્ય સગવડો મળવી જોઈએ. એ બાબતમાં મને સહેજ પણ શંકા નથી કે જ્યાં સુધી સ્વરાજમાં આ સગવડોની ખાતરી આપવામાં નથી આવતી ત્યાં સુધી એ પૂર્ણ સ્વરાજ નથી.' આપણા સમાજની ગરીબ-તવંગરની અંતરની વાત કરીએ તે વચ્ચેની ખાઈ સતત વધી રહી છે.

ગાંધીજી તેમના સ્વરાજના ખ્યાલમાં કેટલું બધું સમાવિષ્ટ કરે છે. તે આગળના એક ફકરાથી ખ્યાલ આવશે. તેમના શબ્દો 'મારી કલ્પનાનું પૂર્ણ સ્વરાજ એકલવાયું સ્વાતંત્ર્ય નથી પણ નિરોગી અને પ્રતિષ્ઠિત સ્વાતંત્ર્ય છે. મારો રાષ્ટ્રવાદ ઉગ્ર છે છતાં એકલપટો નથી. કોઈ પણ પ્રજા કે વ્યક્તિને હાનિ કરવાનો તેનો ઉદ્દેશ નથી. કાયદાનાં સૂત્રો જેટલાં કાયદાનાં નથી તેટલાં સદાચારનાં સૂત્રો છે. 'તારા પાડોશીની મિલકતને હાનિ ન પહોંચે એવી રીતે તારી મિલકત ભોગવ' એ સૂત્રના સનાતન સત્ય પર મારો વિશ્વાસ છે.'

ગાંધીજીએ જે સ્વરાજની વાત કરી છે તે આદર્શની લાગે પણ તે આદર્શ ન રાખીએ તો સ્વરાજ સાર્થક ન બને. એ માટે તેમનું આગળનું લખાણ ખાસ વાંચવા જેવું છે. જેમાં તેમનું લખાણ છે, 'અહિંસક સ્વરાજમાં કોઈ કોઈના દુશ્મન ન હોય. બધા પોતાનો ફાળો ભરે. કોઈ નિરક્ષર ન હોય. ઉત્તરોત્તર તેનું જ્ઞાન વધતું જાય. આવી પ્રજામાં રોગ ઓછામાં ઓછા હોય. કંગાલ કોઈ હોતા નથી. મહેનત કરનારને મહેનત મળતી હોય. તેમાં જુગાર, મદ્યપાન, વ્યભિચાર ન હોય, વર્ગવિગ્રહ ન હોય. ધનિક પોતાનું ધન વિવેકસર વાપરે, ભોગવિલાસ વધારવામાં કે અતિશય રાખવામાં નહીં. મૂઠીભર ધનિક મીનાકારીના મહેલમાં રહે અને હજારો કે લાખો લોક હવા અજવાળું ન હોય એવાં અંધારિયામાં રહે એમ ન હોય. કોઈના વાજબી હક ઉપર અહિંસક સ્વરાજમાં કોઈ તરાપ ન મારી શકે. એથી ઊલટું કોઈ ગેરવાજબી હક પણ ન ભોગવી શકે. જ્યાં તંત્ર વ્યવસ્થિત છે ત્યાં ગેરવાજબી હક કોઈથી ભોગવી શકતા જ નથી. ગેરવાજબી હક ભોગવનારની સામે હિંસાનો ઉપયોગ કરવાપણું નથી હોતું.'

આ તો તેમનું સ્વરાજ વિશેનું વ્યાપક ચિંતન છે, પરંતુ તેમાંય વિશેષ કરીને જ્યારે પંચાયત રાજની વાત થાય છે, ત્યારે તેઓ જે કહે છે તે જાણવા જેવું છે. તેઓ કહે છે કે 'સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય, એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યઅમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો આખી દુનિયાન સામે પોતાનું રક્ષણ કરી લેવા સમર્થ હોય. બહારથી આવતા કોઈ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી મળી હોય અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય.'



દેશમાં સ્થાનિક સ્વરાજનું જે માળખું ગોઠવાયું અને લોકશાહીના વિકેન્દ્રીકરણનો ક્રાંતિકારી કાર્યક્રમ રજૂ થયો તેમાં આપણા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાનું યોગદાન અમૂલ્ય છે. કારણ કે તે માટે બળવંતરાય મહેતાના વડ પણ હેઠળ સમિતિની રચના કરવામાં આવી હતી અને એ રીતે આપણા દેશમાં પંચાયતી રાજ 1959માં આવ્યું. સમગ્ર દેશમાં પંચાયતી રાજનું માળખું ત્રિ-સ્તરીય ઘડવામાં આવ્યું. 'અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એકેએકથી ઊંચે જતાં વર્તુળોની નહીં, પણ એકબીજાથી વિશાળ થતાં જતા અને નાના ને મોટામાં સમાવી લેતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ, જ્યાં ટોચ પાયાને કચડીને ઊંચી રહે છે તેવા પિરામિડનો નહીં હોય. તેનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાઓનાં વર્તુળનો હશે, જેના કેન્દ્રમાં પોતાના ગામને સારું ખપી જવાને હરહંમેશા તત્પર એવી વ્યક્તિ હશે અને ગામ વળી બીજા ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર રહેશે અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે. એ રચનામાં જે વ્યક્તિઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહીં કરે, હંમેશા નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલા સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી, તે વર્તુળના અંગરૂપ ઘટક બની રહેશે'

આપણો દેશ તો ગ્રામીણ સંસ્કૃતિથી ઘડાયો હતો એટલે ગ્રામીણ સ્તરે વહીવટ અને સ્થાનિક સ્વરાજનો ખ્યાલ આપણે ત્યાં અમલી જ હતો. પરંતુ તે પછી બ્રિટિશ શાસનકાળ દરમિયાન સ્થાનિક સ્વરાજના રાજવ્યવસ્થાની પતનની શરૂઆત થઈ. જો કે 'ગુજરાતી વિશ્વકોશ' માં લેખક ધર્મેન્દ્રસિંહ ઝાલાએ જે વિગત ટાંકી છે તે મુજબ બ્રિટિશ રાજ્યમાં પણ અનેક અમલદારો ગ્રામપંચાયતને ગ્રામીણ સંસ્કૃતિને મહત્ત્વની સંસ્થા તરીકે ઓળખાવતા હતા. બ્રિટિશ ગવર્નર જનરલ ચાર્લ્સ મેટકાફેએ તો ગ્રામ-

**રાજા અને ધનિક વર્ગ જીવનની જે જરૂરિયાતોનો ઉપયોગ કરે છે તે તમને પણ સુલભ હોવી જોઈએ. પણ એનો અર્થ એવો નથી કે તેઓની માફક તમારે પણ મહેલો હોવા જોઈએ. સુખને માટે તેની જરૂર નથી**

પંચાયતોને 'નાના પ્રજાસત્તાક એકમો'થી ઓળખાવી છે. જેમાં જમીન મહેસૂલ ઉઘરાવવાથી માંડીને નાના મોટા વિવાદોનો ન્યાય આપવાનું કાર્ય ગામડાંઓમાં પંચાયતો કરતી હતી. જો કે હાલમાં જે રીતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ટીકીટોને લઈને મારામારી થઈ રહી છે તે જોઈને એવું અનુભવાય છે કે ભલે સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં સ્થાનિક પ્રતિનિધિ હોય, પરંતુ તેનો દોરીસંચાર સત્તાના ટોચથી જ થઈ રહ્યો છે અને એટલે 'મારા સ્વપ્નનું ભારત' પુસ્તકમાં 'પંચાયત રાજ' પ્રકરણમાં ગાંધીજીના જે શબ્દો છે તેમાં તેઓ સ્પષ્ટ કરે છે કે પંચાયત રાજમાં સત્તાના કેન્દ્રીકરણનો નિષેધ હોવો જોઈએ. આ ફકરામાં ગાંધીજી કહે છે કે 'હિંદુસ્તાનમાં એકેએક ગામનું પ્રજાસત્તાક સ્થાપવાની વાત સ્વીકારો તો જ્યાં છેલ્લે આવનારો પહેલાનો જેવો હોય અથવા બીજા શબ્દોમાં કહીએ તો, જેમાં કોઈ પહેલો નથી ને કોઈ છેલ્લો નથી, તે મારું ચિત્ર વાસ્તવિક અને સત્ય છે, એવો હું દાવો કરું છું.' સ્થાનિક સ્વરાજનું એકમ ગામ કેવું હોવું જોઈએ તે અંગે પણ ગાંધીજીએ ખ્યાલ આપ્યો છે. તેમાં તેઓ એક ઠેકાણે એ સુદ્ધાં કહે છે કે 'દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ નભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પડી શકશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે.'

આવી કેટકેટલી બાબતની નોંધ ગાંધીજીએ સરળ શબ્દોમાં સ્થાનિક સ્વરાજ વિશે કરી છે. આ ખ્યાલ ચૂંટણીઓમાં સાવ વિસરાઈ ગયેલો લાગે છે તેમ છતાં, આજેય આપણા અનેક ગામડાં આ રીતે પોતાનો કારભાર ચલાવી રહ્યા છે.

